Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/ ૫૪૩૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૫/૦૫/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ
જિ.સુરત.

આ સાથે સામેલ ડીસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા, ઉમરા, સુરતનો પત્ર ક્રમાંક:- ડિવેટ્ર/દિવ્યાંગ/શિક્ષણ/પ્રવેશ/૨૦૨૪-૨૫/૦૬ તા.૨૯/૦૪/૨૦૨૪ના પત્ર અન્વયે તમામ શાળાઓને જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ:- ઉકત પરિપત્રની નકલ

# DISABLE WELFARE TRUST OF INDIA

Reg.No.E/3129/Dt. 19-11-91

Near Sai Samarth Soc., B/h.Sardayatan School, Umara, Surat-395007.
(Gujarat, India) Mo. +91 98251 10888, +91 96875 61904
Website : www.disableindia.org E-mail : disableindia@yahoo.com.


તા.૨૯/૦૪/૨૦૨૪

ડિવેટ્ર/દિવ્યાંગ/શિક્ષણ/પ્રવેશ/૨૦૨૪–૨૫/૦૬

પ્રતિ
ડૉ. સૌરભ ઝમસિંહ પારધી આઈ.એ.એસ.
આદરણીય કલેકટરશ્રી સુરત
જિલ્લા કલેકટર કચેરી
નવું જીલ્લા સેવા સદન, બ્લોક બી, ૫ મો માળે, આઠવાલાઇન્સ, સુરત, ગુજરાત.
Pincode

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર: ૪૧૦૯
તારીખ :
સંખ્યા :
સહી :

મહોદય,

નમસ્તે, અશકત વ્યકિતનો અધિકાર અધિનિયમ, ૨૦૧૬ (સન ૨૦૧૬નો અધિનિયમ ક્રમાંકઃ૪૯) નાં પ્રકરણ–૩ શિક્ષણમાં, શૈક્ષણિક સંસ્થાઓની ફરજમાં જણાવ્યા અનુસાર **''કોઈ પણ દિવ્યાંગ શિક્ષણથી વંચીત ન રહેવો જોઈએ.''**

હું આપને નમ્ર વિનંતી કરૂ છું કે આપના જીલ્લામાં આપનાં અધ્યક્ષ સ્થાને દિવ્યાંગોનાં શિક્ષણ માટે એવુ અદ્‌ભુત કાર્ય થાય કે **આપના જીલ્લામાં શારીરિક ક્ષતિ ધરાવતો એક પણ દિવ્યાંગ શિક્ષણ થી વંચીત ન રહે. ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા સંચાલિત દિવ્યાંગ શિક્ષણ સંકુલ,શ્રીસાંઈ સમર્થ રેસિડન્સીની બાજુમાં, શારદાયતન સ્કુલ પાછળ, લેકવ્યુ ગાર્ડન સામે, ઉમરા, સુરત–૩૯૫૦૦૭ ખાતે શારીરિક ક્ષતિ ધરાવતા દિવ્યાંગ બાળકો માટે, શાળામાં ધોરણ ૧ થી ૧૨, ધોરણ ૮ થી વધુ અભ્યાસ કરેલા દિવ્યાંગો માટે આઈ.ટી.આઈ. અને ધોરણ ૧૨ પાસ દિવ્યાંગો માટે બી.સી.એ. કોલેજ વિનામુલ્યે ચાલે છે. તેમજ આ સંકુલમાં રહેવા, જમવાની વ્યવસ્થા સાથેની હોસ્ટેલની સુવિધા પણ વિનામુલ્યે ઉપલબ્ધ છે.**

આવા માનવતાભર્યા કાર્યોમાં આપ અંગત રસ લઈ આપનાં જીલ્લાનાં શારીરિક ક્ષતિ ધરાવતા દિવ્યાંગો શિક્ષણથી વંચીત ન રહે, તેવા કાર્યમાં આપ મદદ કરશો. કૃપા કરી આપના જીલ્લાનાં સમાજ સુરક્ષા ખાતા મારફતે, અને શિક્ષણ વિભાંગ મારફતે શારીરિક ક્ષતિ ધરાવતા અને અભ્યાસ કરતા દિવ્યાંગોની યાદી તાકીદ અમોને આપવામાં આવશે તો અમો દિવ્યાંગોને વિનામુલ્યે શિક્ષણ અને તાલીમ અર્થે જરૂરી કાર્યવાહી કરીશુ. દિવ્યાંગોની માહીતી અમોને ઈમેલ disableindia@yahoo.com પર નીચે મુજબ મોકલવા વિનંતી.

| ક્રમ | દિવ્યાંગ વિદ્યાર્થીનું પુરુ નામ | દિવ્યાંગતા નો પ્રકાર | હાલમાં કયા ધોરણમાં અભ્યાસ કરે છે? | દિવ્યાંગતાની ટકાવારી % | જન્મ તારીખ | પુરુ સરનામુ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

સહકારની અપેક્ષા સહ આભાર.

આપનો વિશ્વાસુ

K.B. Tailor

(ડૉ.કનુભાઈ ટેલર)
પ્રમુખ
પદ્મશ્રી એવોર્ડી

29 APR 2024

2240/902 69
30/4/24